


શ્રી આર્ય અભિનય મંદિર

(અમદાવાદ.)

"સંગઠન"







લેખક અને દિગ્દર્શક

શ્રી નટવરલાલ જી. મેંદાવાલા

(સંક્ષિપ્ત સાર અને ગાયનોના સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.)

મેનેજર, — વ્યવસ્થાપક,

શ્રી એન. જી. કાયસ્થ. — શ્રી આર. કે. યાદવ.

-: પ્રકાશક :-

શ્રી આર્ય અભિનય મંદિર.

સંવત ૧૯૯૬ — ઈ. સ. ૧૯૪૦

મૂલ્ય ૦-૪-૦

શ્રી આર્ય અભિનય મંદિર.



અનંતરાય—મા. જયંત સોલંકી.



જવાહીર મા. નરેન્દ્ર મહેતા.



મદન મા. બાબુ બરોડીઆ.

શ્રી આર્ય અભિનય મંદિર

(અમદાવાદ.)

"સંગઠ્ઠન"



લેખક અને દિગ્દર્શક

શ્રી નટવરલાલ જી. મેંદાવાલા

મેનેજર,	વ્યવસ્થાપક,
શ્રી એન. જી. કાયસ્થ	શ્રી આર. કે. યાદવ.

-: પ્રકાશક :-

શ્રી આર્ય અભિનય મંદિર.

સંવત ૧૯૯૬ મૂલ્ય ૦-૪-૦ ઈ. સ. ૧૯૪૦

—: પાત્ર પરિચય :—

—: પુરૂષ પાત્રો :—

જવાહીર—એક આદર્શવાદી યુવાન.
અનંતરાય—બાહ્ય આડંબરી સમાજ સુધારક.
જગમોહન—અનંતની જાળમાં ફસાનાર જવાહીરના મોટાભાઈ.
બ્રીજમોહન—એક લાખોપતી અનંતનો તેના જેવોજ મીત્ર.
રામો—સમજુ છતાં પેટ ખાતર કાળાં કરતો અનંતનો નોકર.
કાશીગીર—અનંતની વાકજાળથી ભરમાઈ જનાર એક સાધુ.
લાલા—અનંતનો મુસ્લીમ સત્યપ્રેમી નોકર.
નરસીંહ—મીલના ત્રાંસલ ખાતાનો માસ્તર.
મફત—ત્રાંસલખાતાને મુકરદમ

—: સ્ત્રી પાત્રો :—

શાંતી—ફેશનેબલ પણ પાછળથી સર્વસ્વની છાવર કરતી આદર્શ યુવતી.
સુલક્ષણા—શાંતીની ભક્તિના નામે છુપા પાપો કરતી મા.
ભારતી—માતૃભૂમી ભારતી.
મીઠી—વાઈન્ડીંગમાં કામ કરતી ચાલાક સ્ત્રી.
ઉપરાંત—મીત્રો, યુવાનો, બાળાઓ, ભીખારીઓ, બાળકો વિ.

વીનુ
ચંદ્રવદન
ભીમો
શંકર
મહંમદ

} જવાહીરના સેવા મંડળમાં કેળવણી લેતા બાળકો.

આભાર

શ્રી પ્રમુખ સાહેબ, તથા પ્રેક્ષક વર્ગ,

શ્રી નટવરલાલ જી. મેંદાવાલાએ અમારૂં શ્રી આર્ય અભિનય મંદિર શુભ જનસેવાર્થે, તેમજ બીજા શુભ આશયોથી અમોને સ્થાપીત કરવા પ્રેરણા કરી, અને પોતાના કીમતી સમયનો અમુલ્ય ભોગ આપી મંદિર માટે "**સંગઠન**" નાટય પ્રયોગ લખી આપી અને તેનું દિગ્દર્શન કરી અમોને ઋણી કર્યા છે. અમારો આદર્શ એકજ માનવધર્મનું મહત્વ, સમાજના સડા દુર કરવા, જનસેવા, વિ. વિ. શુભ માર્ગે નાટય પ્રયોગથી જેટલું બને તેટલું કરવાનો આશય છે. આ નાટય પ્રયોગમાં ઘણીએ તૃટીઓ હશે, પરંતુ અમો ઉગતા યુવાનોનો આ લઘુ પ્રથમ પ્રયત્ન હોવાથી આપ દરગુજર કરી ક્ષમા આપશો.

છેવટે અમો શ્રી પ્રમુખ સાહેબ, શ્રી નટવરલાલ, શ્રી લાલભાઈ શ્રી જયંતીલાલ શકરી તથા શ્રી સોલંકી તથા અન્ય સહકાર આપનાર વડીલો, બંધુઓ તેમજ મંદિરના સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માની વિરમવા રજા માગીએ છીએ.

તમારા આભારી,

શ્રી નગીનલાલ જી. કાયસ્થ મેનેજર.

શ્રી રણછોડલાલ કે. યાદવ વ્યવસ્થાપક.

આ ચોપડી ધી મહેન્દ્ર પ્રિ. પ્રેસમાં રતનપોળ ગોલવાડ નાકે

છોટાલાલ બાલચંદ દોશીએ છાપી.

લેખકના બે બોલ.

સુજ્ઞ પ્રમુખ સાહેબ અને અન્ય મહાશયો તથા બ્હેનો,

"સંગઠ્ઠન" આ નાટ્ય પ્રયોગ 'શ્રી આર્ય અભિનય મંદિર' સ્થાપિત કરવાની ઉચ્ચ ભાવનાથી લખાએલ છે. મૂક્તિ કોને નથી વ્હાલી ? એ પ્રશ્ન આજે તો સમજાવવો નથી રહ્યો. પરંતુ મુક્તિ માટે મ્હેનત છતાં મૂક્તિ કેમ નથી મળતી ? એ પ્રશ્ન સહુને મુંઝવી રહ્યો છે. અને મેં મારા અલ્પ બુદ્ધિથી તે બતાવવા પ્રયત્ન કર્યો છે મને આશા છે કે આપ મારા આ પ્રયાસને સફળ બનાવવામાં સાથ આપશોજ. કિનારો દેખાય છે પણ નૈયા કિનારે શાને નથી પહોંચતી ? એક વખત એ હતો...કે માતૃભૂમિના ગુણગાન દશે દીશામાં ગુંજી ઉઠતા, પણ આજે એજ લોહી કાયર શાને ?

મેં પ્રયાસ કર્યો છે સત્ય દિશા દર્શાવવાનો, ઘણા વર્ષોથી ઉર્મીઓ ઉભરાતી હતી, સમય આવ્યો; એને પ્રગટ સેવામાં મૂકવાનો. આ મારૂં પ્રથમ સાહસ છે. તો તેના આદર્શો તરફ ધ્યાન આપશો, અને તૃટીઓ તો ઘણીજ હશે તો દરગુજર કરી ઉગતા યુવાનોના આ સુપ્રયાસને પ્રેક્ષક વધાવી લેશો એ આશા છે.

મને સાથ આપવામાં સૌથી પ્રથમ ભાઇ આર. કે યાદવ તથા ભાઈ પુંજાભાઇ સોલંકી તથા દુધાભાઈ લેવા તથા ભાઇ જયંતકુમાર સોલંકી, બાબુ બરોડીયા, મારા લઘુબંધુ એન. જી. કાયસ્થ વિ. મી. ચંદ્રકાન્ત દેશાઈ, મી. નરેન્દ્ર મહેતા, મી. પ્રો અડાલજા, મી ચંદુ કેપ્ટન, મી. સી. કોન્ટ્રાકટર, મી. અનુપ, મી. એમ. શુકલ, અને શ્રીયુત દીપક સાહેબ, વિ. અન્ય બંધુઓ, અને મંદિરના અન્ય ભાઇઓ તથા કોમીકના ગાયનો બનાવવા માટે ભાઇ બાબુ બરોડીઆ તથા કવી શંકરલાલ બ્રહ્મભટ તથા ભાઇ જયન્તીલાલ એ. શફરી કે જેઓએ મને સુંદર સાથ આપી કીંમતી સમયનો ભોગ આપ્યો છે; ભાઈ સુંદરલાલ એન. જાદવ તથા ભાઈ ગણપતરામ નાયક, ભાઇ બાબુ થોરાટ તથા ભાઇ શંકરરાવ મોરે, ભાઇ 'ચંપકલાલ રાજાણી' અને મહેન્દ્ર પ્રેસવાળા શ્રી છોટાલાલ વિ. વિ. અન્ય વડીલો મંદીરના દરેક ભાઇઓ વિ. એ મારા નાટ્ય પ્રયોગને જેમ બને તેમ સુંદર રૂપમાં રજુ કરવામાં મને જે સાથ આપ્યો છે તે માટે હું એમનો અંતઃકરણથી આભાર માનું છું. •

અને પ્રમુખ સાહેબ તેમજ પ્રેક્ષક વર્ગ પાસેથી અમારી ભૂલો માટે ક્ષમા યાચી વિરમું છું. અસ્તુ.

તમારો આભારી,

નટવરલાલ જી. મેંદાવાલા.

ના વંદેમાતરમ્

ટુંકસાર.

અંક પહેલો.

પ્રવેશ પહેલો–જવાહીરની મોટાભાઈની સ્વાર્થવૃત્તીઓ તરફ ઘૃણા. અચાનક જગમોહનનું આવવું. જવાહીરને દારૂની બાટલીઓ લઈ આવવા હુકમ કરવો જવાહીરનો વિનયથી અનાદર, જગમોહનનું ગુસ્સે થવું દરમિયાન બે મિત્રોનું આવવું. જગમોહનને ચઢાવી જવાહીરને ઘર બહાર કઢાવવો.

પ્રવેશ બીજો–'ભારતીમાતા' બંધન હાલતમાં પોતાની મુક્તી માટે પ્રભુપાસે પ્રાર્થના આકાશવાણીથી સામેથી આવતા જવાહીરને સંસ્કાર આપવા પ્રભુપ્રેરણા.

'જો યુવાન જાગે તો ઉદ્ધારે આખા દેશને,
બંધનમુક્ત તું થાય, ઉદ્ધારે આખા દેશને.'

ત્યાંજ જવાહીરનું રખડતાં આવવું. જવાહીરના આદર્શ જોઈ સત્ય શું છે તે સમજાવવું.

પ્રવેશ ત્રીજો–ત્રાંસલ ખાતાના માસ્તરની રૂમ, મીઠીને પોતાની બનાવવા નરસિંહ માસ્તરની જાળ. મફત મુકરદમની જાળ ગુંથવામાં મદદ, અને ઝવેરીને બોલાવા જવું, ઝવેરીનું આવવું પોતાના દાગીનાની વાહવાહ બોલવી, જવું. પછી ચાલાકીથી મીઠીએ પોતાના શીયળને બચાવી લેવું.

પ્રવેશ ચોથો–અનંતરાય, ભક્તાણી સુલક્ષણા સાથે પ્યારચેષ્ટામાં. ત્યાં હરિજનનું આવવું. અને પોતાના છોકરાને ક્રિશ્ચિયન બનતો અટકાવવા મદદ માંગવી. અનંતનો દંભીડોળ, વિનંતી કરતાં હું હરિજન છું. અને વૃદ્ધનું જાહેર કરવું. સુલક્ષણાનું ચોંકી ગુસ્સે થવું. હરિજનનું નિરાશ થઈ ચાલ્યા જવું. અનંતરાયનું સુલક્ષણાને મનાવવું. એટલામાં શાંતીનું આવવું. પોતાની માતાનું આ કાળું કૃત્ય જોઈ, સામનો કરવા નિશ્ચય. પોતાનું

કૃત્ય છુપાવવા સુલક્ષણાની કોશીષ, શાંતીની પોગળ ખુલ્લુ કરવાની હીંમત. સુલક્ષણાનું ગભરાવું. અનંતે શાંતીને બેહોશ કરવી ને રામા સાથે જંગલમાં ખુન કરવા મોકલી દેવી. સુલક્ષણા દોષિત છતાં પુત્રીનું ખુન થશે એ લાગણીથી બેહોશ.

પ્રવેશ પાંચમો–જંગલમાં જવાહીરની પ્રભુપ્રાર્થના. ત્યાં રામાનું બેહોશ શાંતીને ઉપાડી આવવું. જવાહીરનો ઉપદેશ, રામાનો હૃદયપલ્ટો. શાંતીની પ્રેમયાચના જવાહીરનો સત્ય નિર્દેશ કે:—

‘ તને આશા હશે દીલમાં, સુખી સંસાર માંડીશું;
મને આકાંક્ષા છે ઉરમાં, જીવનમાં જંગ ખેલીશું. ’

શાંતીની ત્યાગવૃત્તી દર્શનઃ—

‘ દેવ પર્વત ચળે કે કાળ, શાંતી કદી ચળશે નહિ,
કરતાં સેવા ગરીબની, પાછી કદી પડશે નહિ. ’

શાંતીના આદર્શો જોઇ જીવનસાથી બનાવવા જવાહીરની તૈયારી, માતૃભુમીને ચરણે જીવન અર્પવા પ્રતીજ્ઞા.

પ્રવેશ છઠ્ઠો–મથુરનું પોતાની કોમને થતા અન્યાય માટે બખાળા; ત્યાં બ્રીજમોહનનું નરસિંહને ત્યાં ઉઘરાણીએ આવવું. મીઠીપર મોહીત થવું. મીઠીનો બ્રીજમોહનને મુર્ખ બનાવવાનો સ્વગત નિશ્ચય, લેણાનીચે દબાયેલ માસ્તરનું ઉંચાનીચા થવું. મફતનું સમજાવવું.

પ્રવેશ સાતમો–સુલક્ષણાનો પ્રશ્ચાતાપ. અનંતરાયની બેદરકારી સુલક્ષણા પોતાના પાપનું પાયશ્ચિત કરવા અનંતરાયનો ત્યાગ. રામાનું આવવું. શાંતીનું ખુન નથી કર્યું તે કબુલ કરતાં અનંતરાયનો ક્રોધ. રામાનો વિનયથી સામનો. પણ ક્રોધી અનંતનું ક્રોધે ભરાવું. રામાનું ખુન.

પ્રવેશ આઠમો–સમાજમાં બાહ્ય કહેવાતા સુધારકો વૈશ્યા ભુવનમાં પાછળથી અનંતનું આવવું. બ્રીજમોહનને નીચોવી લેવો દારૂના નશામાં ચંપા પર બ્રીજમોહનનો બળાત્કાર પહેલેથી નક્કી કર્યા પ્રમાણે ચંપાની રીવોલ્વરની ધમકી પણ......ધમકી આપતા ....અચાનક.......બાર થવોને........બ્રીજમોહનનું ખુન. દારૂ લઇ આવતા લાલા પાછળ પોલીસનું આવવું. અનંતનું નાસવું. ચંપા પરહેજ.

અંક બીજો.

પ્રવેશ પહેલો–જગમોહનની વર્ષગાંઠ, સ્વગત જવાહીરના વિચાર. અનંતનું આવવું. જગમોહનના વિચાર જાણી તેને પણ સાફ કરી નાખવાનો નિશ્ચય. લાલા સાથે બંગલેથી સ્ટેમ્પ અને દવાની બાટલી મંગાવવી. દારૂમાં બનેલ જગમોહનને દારૂમાં દવા પાવી. જગમોહનનું બેહોશ થવું. જગમોહનને ઠેકાણે કરવા અનંતરાયનો હુકમ.

પ્રવેશ બીજો–મીઠી અને મુકરદમનો વિવાદ. દારૂ છોડી દેવા મીઠીનું દબાણ. મથુરનું આવી ચોંકવું, એટલામાંજ નરસિંહ માસ્તરનું આવવું, મથુરને મારવા લેવો, જવાહીરનું વૃદ્ધ સાથે આવવું, નરસિંહનું ક્રોધે ભરાઈ ચાલ્યા જવું, મફતને જવાહીરનો ઉપદેશ.

'આપણે બધાએ હિન્દુઓ, એકજ પ્રભુને ભજનાર,
સાચું કરીશું સંગઠ્ઠન, તોજ....મુક્તિ...મળનાર.'

મફતની સાન ઠેકાણે આવવી, ને નરસિંહ માસ્તરને પણ ઠેકાણે લાવવા નિશ્ચય.

પ્રવેશ ત્રીજો–શાંતી....કામ, ક્રોધ, લક્ષ્મી વિ. સંસારના કાવાદાવા વિચારી રહી છે ત્યાં જવાહીરનું આવવું, આજનો યુવાન સત્ય ભૂલી રહ્યો છે તે સમજાવવું.

'છવાયા છે પડળ અંધકારના, યુવાનો સત્ય ભુલ્યા છે,
યુવાની આવતાં સુંદરી સુરામાં, ભાન ભુલ્યા છે.'

પોતના સેવામંડળમાં રૂ. ૧૦૦૦) નું ફંડ ભેગું થયું છે. અને તેમાંથી ગરીબોની ઉન્નતિનો સાચો રાહ, એક માત્ર 'રેંટીઓ' જ છે માટે કાંતણવર્ગ ખોલવો, કેટલીક ગરીબ બાળાઓનું રેંટીયા સાથે આવવું, જવાહીરનું બહાર જવું, બાળાઓના ગયા પછી ભારતીમાતાનો શાંતીને સ્ત્રીશક્તિ નિર્દેશ, પછી જવું, અનંતનું આવવું, શાંતીને ઉપાડી રવાના થવું.

પ્રવેશ ચોથો–સુલક્ષણા ગાંડી હાલતમાં, કરેલાં કૃત્ય માટે પશ્ચાતાપ, જગમોહનને બચાવી યુવાનોનું આવવું, સમજાવી સેવા-મંડળમાં લઈ જવું, અપકાર ઉપર ઉપકાર કરનાર લઘુબંધુ પાસે જતાં આનાકાની, યુવાનોનું સમજાવી લઈ જવું.

પ્રવેશ પાંચમો–નાના બાળકોનો જવાહીર સાથે વાર્તાલાપ.

'જો સંસ્કાર પડે બાળકને, તો ભારત સુધારી દે
સોનું છે કાચું દેશનું, સૌ દુઃખ નીવારી દે.'

ત્યાંજ જગમોહન ને યુવાનોનું આવવું, પાછળથી પશ્ચાતાપમાં અંધ બનેલ સુલક્ષણાને લઈ મીઠીનું આવવું, અન્યોઅન્ય સત્ય સ્ફોટ, શાંતી હાજર ન હોવાથી સુલક્ષણાની શંકા અનંતરાય ઉપર, લાગણીવશ માતાનું પુત્રીપ્રેમથી બેહોશ થવું.

પ્રવેશ છઠ્ઠો–બાળકોની પોતપોતાને ઘેર જતાં જતાં મહાન બનવાની અમરઆશા, એટલામાં વીનુની નજર એક મવાલી પર પડવી, જે એક બહેનને સતાવી રહેલ છે, ગમે તે ભોગે મવાલીને સ્વાદ ચખાડવા નિર્ણય, સાહસ કરી, મવાલી પર તૂટી પડવું, ત્યાંજ એક યુવકનું આવી હિંસા અને અહિંસાનો ભેદ સમજાવવો.

પ્રવેશ સાતમો–મીઠી અને મફતની માસ્તરને સુધારવા માટે રમત નક્કી કરવી. માસ્તરને સ્રી ચરિત્રથી મ્હાત કરી દસ્તાવેજ લખાવી લેવો, રમતમાં પાર ઉતરવાથી મીઠી ને મફતનો હર્ષ.

પ્રવેશ આઠમો–કાશીગીરનું અનંતને ત્યાં દસ્તાવેજ લેવા આવવું, દંભી સ્વાર્થી અનંતનો ઈન્કાર, નિરાશ થયેલ કાશીગીરનો શ્રાપ.

શ્રાપથી વ્યાકુળ અનંતનું ગભરાવું, લાલાને બ્રાન્ડી લાવવા તેમજ ઇશ્વર કોણ છે તે જોવા, શાંતીને કેદ કરી છે તે રૂમની સ્વીચ દબાવવા કહેવું.

સીન ટ્રાન્સફર.

નશામાં મદમસ્ત બનેલ અનંત ભાન ભૂલી શાંતીને તાબે થવા ફરમાન, શાંતીનો સામનો, નેકદીલ લાલાની શેઠને વિનંતી લાલાને અનંતની ધમકી, ત્યાંજ જગમોહન, જવાહીર ને સુલક્ષણાનું આવવું, અનંતનું નાસવું મા દીકરીનો કરૂણ મેળાપ.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો-સુલક્ષણાનો પ્રશ્ચાતાપ, શાંતી પાસે માફી માંગવી, જગમોહનનું આવવું, લાલાનો અફસોસ, જવાહીરનું સાંત્વન.

'હિંદુ ઔર મુસલમાં, ઇક દુજે કે ભાઇ હૈ,
શીખ, ખ્રીસ્તી કયા પારસી, સબકી ભારત માઇ હૈ.'

જવાહીર ને શાંતીનો હસ્ત મેળાપ, લાલાની મુબારકબાદી લગ્ન માટે લાલાનો આભાર માનવો, લાલાની દીલગીરી, જવાહીરે ફરજ સમજાવવી, હિન્દુ મુસ્લીમ એક થવા હાકલ કરવી, વફાદાર લાલા મુસ્લીમોને દેશ પ્રત્યે કેટલું વ્હાલ છે તે દર્શાવવું.

'મુસલમાંકો અપના મઝહબ, જાનસે પ્યારા હૈ,
વૈસહી હર મુસ્લીમકો, વતન ભી પ્યારા હૈ;
મીલાકે હાથ હિન્દુસે, કરેંગે દેશકી સેવા,
વતનકે લીયે ખુન બહાદેંગે, કરેંગે દેશકી સેવા.'

દરેક મીત્રોની માતૃભૂમીની મુક્તિ માટે પ્રતિજ્ઞા.

પ્રવેશ બીજો-ભૂખ તેમજ તૃષાતુર અનંત બેહાલ હાલતમાં રાહદારીએ ચણા આપવા, પણ ખાય શી રીતે? પનીહારીઓનું આવવું. બંને બેનપણીઓ વચ્ચે સંવાદ, અનંતને પાણી પાવું. અનંતને સત્યનું ભાન થવું. કરેલા કર્મની સજા ભોગવવા કુતરાના મોતે મરવા તૈયારી.

પ્રવેશ ત્રીજો-દારૂ છોડયા પછી સુધરેલ નરસિંહ માસ્તરનો પોતાના ભૂતકાળના કર્મો માટે પ્રશ્ચાતાપ. મફત ને મીઠીના લગ્ન પોતાને હાથેજ કરી આપવા. પોતાને લખી આપેલી મીલ્કતનો સદ્ઉપયોગ કરવા મીઠીનો નિર્ણય. મથુરનું આવવું. દુનિયામાં કોઈ ઉચ્ચનીચ નથી એમ નરસિંહ માસ્તરનું કબુલ કરવું. અને જવાહીરના ગુણગાવા નરસિંહ તેમજ મથુરનું જવું. મફત અને મીઠીનો સુખી સંસાર.

પ્રવેશ ચોથો—અનંતનો હૃદયફાટ પશ્ચાતાપ. કાશીગીરનું સાંત્વન.

' ઈશ્વર તાવે છે, તગેડતો નથી.
ભૂખ્યો ઉઠાડે છે, સુવાડતો નથી.'

અનંતને પ્રભુનું આત્મદર્શન.

" સીન ટ્રાન્સફર "

જાહેરસભામાં દરેક કોમના ભેદભાવ છોડી માતૃભૂમીના દુઃખ દુર કરવા જવાહીરની હાકલ. ઉપકારવશ અનંતનુ બેહોશ થવું. જવાહીરનું અનંત પાસે દોડી જઇ હોશમાં લાવવા, અનંતરાય આજ દશાને પાત્ર છે. તેમ લાલાનું અને જગમોહનનું કહેવું. જવાહીર ' क्षमा विरष्य भुषणम् ' એ શ્લોકની યાદ આપે છે. મોટાભાઈ......

' પાપ દોષિત છે, પાપી નહિ !
ઈર્ષા દોષિત છે, સ્પર્ધા નહિ !
અભિમાન દોષિત છે, સ્વમાન નહિ !'

જવાહીરની અનંતે માફી માંગવી. જવાહીરનો ઉપદેશ. કે જો હિન્દના દરેક સંતાનો સેવાનામે સ્વાર્થ સાધવો તજી દે તો.

"અમર બને આ રાષ્ટ્ધ્વજ, સાચું બને જો સંગઠ્ઠન.
મુક્તી માતાની થાય, સાચું બને જો સંગઠ્ઠન."

શાંતીએ સ્રીઓની સ્રીશકિત કેટલી ! તે સમજાવવું. બધાની આઝાદી માટે પ્રતિજ્ઞા.

" ભારતી માતાનું પ્રગટ થવું."

પોતાના વ્હાલસોયા સંતાનો પાસે મુક્તીની ભિક્ષા માંગવી. માતૃભુમીની માંગણી સંતોષી ઋણ અદા કરવા બધાની પ્રતિજ્ઞા.

માતૃભુમી ભારત ઝીન્દાબાદ.

અંક પહેલો

ગાયનો

" સ્તુતિ "

પ્રથમ સ્મરૂં હરિ ૐ નિરંજન
દુઃખ નિવારો, પાપ સહારો, જન્મમરણુ ભવમાયા તારો
કાપી કુમતી, સ્થાપી સુમતી, બાળક નાના નાથ ઉગારો
વસો નિરંતર દીલ હમારા, આવ્યા શરણુ પ્રભુજી પ્યારા
નિરંજન, નિરાકાર, હણોવિકાર અર્પો સુવિચાર. પ્રથમ.

—નટવરલાલ મેંદાવાળા

(૧)

જવાહીર—

કહું કોને ? વિલાપો આ, શા છે હૃદય પ્રલાપો,
સમજુ કયાંથી બાળક હું છું, સત્ય પ્રભુજી બતાવો
માતપિતા મમ સ્વર્ગે સીધાવ્યા, ગોદ વિના નોધારો
સ્વાર્થ સાથે વડિલ ભ્રાતા, ભૂલી સત્ય વિચારો
સ્વાંગ સાધુનો નજરે જોતાં, કંઇક ગરીબને કરે રોતાં
વિલાસ વૈભવ પોષી રહ્યા, એ આડે દુર્ગ સુધારો.

સત્ય પ્રભુજી બતાવો.

—નટવરલાલ મેંદાવાળા

(૨)

ભારતી—

આવો આવો વિશ્વવિભુવર આવી ઉગારો નાથ
દીનદશામાં સડી રહી છું, જોઇ રહી તમ વાટ. આવો.
નિર્દોષોના બલી ચડે છે, જુલ્મી સીતમ હદપાર કરેછે,
કુપુત્રો પાપો કરી રહ્યા છે, માંડી વિષયના હાટ. આવો.

હિંમત ગઈ છું હું હારી, ભકત વત્સલ લો મને ઉગારી,
આશા તાર રહ્યો છે તૂટી, વધી રહ્યો ગભરાટ. આવો.
હૃદયવિણા, બેસુરી બની છે, કુંજ હરિઆળી સુકઈ ગઈ છે,
કોમળ કળીઓ કરમાયે છે, ખૂટી રહ્યો ભ્રમરાટ. આવો.

—નટવરલાલ મેંદાવાળા

(૩)

જવાહીર—

'દુઃખ વિના....સુખ ના આવે,'
દુનિયા કહે છે કે........દુઃખ વિના........
વળી કહે છે કે સુખમાં છકી ના જશો—
'સુખ સંપતી ભાન ભૂલાવે,
શી રચના છે પ્રભુની લીલાની:—
'યુવાની આશા ઝૂલે ઝૂલાવે
પ્રેમના નામે પાપ કરાવે,
સુરા સુંદરીમાં સહુ રાચે,
એક ઇસારે એના નચાવે
દુઃખ વિના'

અને એમાં અંધ બની:—
'સ્વાર્થ સાધુઓ સેવા નામે,
અયશ આરામ ઉડાવે,
માયા, મોહમાં મન ચળી જાયે,
સત્ય કો ના સમજાવે
દુઃખ વિના'

—નટવરલાલ મેંદાવાળા

(૪)

મોહી—

આજસુધી હું કળી હતીને, હવે બની છું ફુલ
યૌવન બાગ ખીલ્યો જોઇને, મદન કટાક્ષે દીલ ખોઇને
કંઇક ભ્રમર મુજ પાછળ ભમતા, બનીને બસ મશગુલ આજ.

અમોલી દેહલતાના ઝૂલે, કંઈક પામરો સુધબુધ ભુલે;
એક અમારી હા, ના માટે, ચૂકવે મોંઘા મૂલ. આજ.
નાઝ હમારા કંઇક ઉઠાવે, પ્યાર બતાવી અમને બનાવે,
સમજે ના સ્ત્રી ચરિત્રને, એ કરતાં મોટી ભૂલ. આજ.

—નટવરલાલ મેંદાવાળા

(૫)

નરસિંહ અને મીઠી—

નરસિંહ—મીઠી ઘોને હૃદય કેરા દાન, ખોલો ઘુંઘટડો
મીઠી—રહેવા ઘોને થશે કોઇને જાણ
નરસિંહ—ખોલો ઘુઘટડો....
મીઠી—રહેવા ઘોને....
નરસિંહ—વિરહ વેદના વેઠાય ના, વાગ્યા નયન બાણ.
મીઠી—નથી ઘર મીલ છે, માનો ચતુર સુજાણ.
નરસિંહ—ખોલો ઘુંઘટડો....
મીઠી—રહેવા ઘોને........
નરસિંહ—રાજ મારૂં છે, વર્તે છે, નરસિંહની આણ
મીઠી—નથી આજની હું છું, સદાની મહેમાન
નરસિંહ—ખોલો ઘુંઘટડો
મીઠી—રહેવા ઘોને....

—નટવરલાલ મેંદાવાળા

(૬)

જવાહીર અને શાંતી—

જવાહીર—પ્રેમ પ્રવાસી
શાંતી—પ્રેમ પરિમલ
બંને—એક બનીને જીવીશું જીવન પ્રેમ.
જવાહીર—પ્રેમ સાગરે સ્નાન કરીશું,
શાંતી—પ્રેમથી ભવ સાગરને તરીશું. પ્રેમ.
જવાહીર—અમર પ્રેમની અમૃત ધારે,
શાંતી—સેવા મંત્રને અર્પી જીવન. પ્રેમ.

જવાહીર—વિષયી પ્યારના બંધન તોડી,
શાંતી—શુદ્ધ પ્રેમથી આત્મા જોડી. પ્રેમ.
જવાહીર—જન્મભુમિના દુઃખ દુર કરવા,
શાંતી—હર્ષે અર્પીશું આ તન મન. પ્રેમ.

—નટવરલાલ મેંદાવાળા

(૭)

નરસિંહ અને મફત—

નરસિંહ—મ્હેનત હું કરી મુવો, ફળ બીજા ચાખે જુવો
મફત—એતો એમજ ચાલે જગતની રીત છે.
રોવું ધોવું રહેવા દ્યોને, એકદીન વસૂલ થાશે
તમારી સાથે વેર કરી એ ફોગટ ફેરા ખાશે.
નરસિંહ—મીઠી રૂપી અત્યારે આડી ભીંત છે.
મફત—એતો એમજ ચાલે, જગતની રીત છે.
નરસિંહ—દેખીતી આંખે ઝેર પાય તે શી રીતે જોવાય
ઘરનાં છોકરાં ઘંટી ચાટે, આટો બીજા ખાય.
મફત—એતો હાર્યા તમે ને એની જીત છે.
નરસિંહ—મહેનત.......

—નટવરલાલ મેંદાવાળા

(૮)

નર્તકી—

જાવો, હટ જાવો, નાહીં, છેડો ઘનશ્યામ,
શ્યામ, શ્યામ, શ્યામ, નાહી છેડો ઘનશ્યામ. જાવો.
બજાકે બંસીકી તાને, દીલ છીન લીયે જાતે હો,
છુપાકર સાંવરી સૂરત, મેરે દીલકો લુભાતે હો. જાવો.
સાસ લડે ઘર મારે તાના, કાહે બજાવે બંસી કાના
જગકી લાજકો ભૂલ ગઇ મેં, એક યાદ તિહારી હૈં કાના. જાવો.

—નટવરલાલ મેંદાવાળા

અંક બીજો

(૯)

મિત્ર—

એ મદીરા પાન કરનારા, જુવો મસ્તાન છે,
પ્યાલીમહીં ગુલતાન રહેનારા, જુવો મસ્તાન છે.
'કાચની પ્યાલી મહીં, અમૃત ભર્યું આ છે પીણું,
ના પીધું તે મુર્ખ છે, અમૃત ભર્યું આ છે પીણું.'
મુખથી વદે ના ના છતાં, પીવા મહીં મસ્તાન છે.
'દીલમહીં પાપો ભર્યા, ઉપર જુઓ તો નેક છે.
નર્કપંથે લઈ જનારી, દુષ્ટ મદીરા એક છે.'
દુર્બળ છતાં એ પોષવામાં, મસ્ત હિંદુસ્તાન છે.

બાબુ બરોડીયા—

(૧૦)

મીઠી—

વિરહીણી બાળા હું,
મીઠું દર્દ હૃદયમાં થાય.
પપૈયા પિયુ પિયુ પુકારે,
પુલકીત ઉર્મી થાય. વિરહીણી.
પુષ્પ ખીલ્યાં યૌવન ઉપવનનાં,
સૌરભ મીઠી મ્હેકે તનમાં.
ખોળી રહી છું કોઈક રસીકવર,
વેદના ના વેઠાય. વિરહીણી.
સ્વર્ગ સુખનાં સ્વપ્ના આવે,
પ્રિયુ પ્રિયતમ વિના કશું ના ભાવે.
રજની મીઠી હું છું ચકોરી,
ચંદ્ર દરશ ના થાય. વિરહીણી.

—નટવરલાલ મેંદાવાળા—

(૧૧)

મફત અને મીઠી—

મફત—ખોલોને મુખડું આજ રસીલી ઓ પ્રેમથી
બોલો હૃદયની હસ્તી.
મીઠી—મુકો તમારી મસ્તી.
મફત—વ્હાલી શાને દુભાવો.
મીઠી—જાવો ઘેલા ના સતાવો.
મફત—આ છે સુંદર પ્રેમનો કયારો. (૨)
બંને—ઝુલશું, રમશું, બેઉ સાથ રસીલી ઓ પ્રેમથી.
મફત—ખોલોને મુખડુ આજ.

—બાબુ બરોડીયા—

(૧૨)

શાંતી—

કઠીન છે ભવનાં નીર તરવા, કીનારે જાવું શી રીતે,
મસ્ત પવન માયાનો વાતો,
ડગલે પગલે સામે જણાતો.
નૈયા વંટોળે ચડતી કીનારે....જાવું શી રીતે,
એ માયામાં માનવ ભૂલે,
પંથ ભૂલી જડતાં ચગડોળે.
ચંચળ ચિત્ત ચળી જાતું રે...કિનારે જાવું શી રીતે-કઠીન.

—નટવરલાલ મેંદાવાળા

(૧૩)

શાંતી અને બ્હેનો—

બ્હેનો ઉન્નતીનો રાહ, સાચો રેંટીઓ રે (૨)
કાંતો રેંટીઓ રે, કાંતો રેંટીઓ રે (૨)
એ છે ગુણનો ભંડાર, ગરીબોનો તારણહાર (૨)
નથી મોલ છે અમોલ. (૨)
અભંગ એક છે હથિઆર સાચુ રેંટીઓ રે (૨)
મીઠો છે એનો રણકાર, મુક્તી હિંદને દેનાર. (૨)
નમન કરૂં વારંવાર (૨)
ઋણ દેશનું ઉતારો કાંતી રેંટીઓ રે (૨)

—નટવરલાલ મેંદાવાળા—

(૧૪)

ભારતી—

આર્ય સંસ્કૃતિની સૌરભ ઘર ઘરમાં ફેલાય.
સબળ શિક્ષણ અપાય,
ત્યારે હિન્દ હતું તેવું નંદનવન બની જાય
જ્ઞાન સંતતિનાં ઉત્તમ,
બચપણથી પોષાય
નવીન ચેતન સીંચાય.........ત્યારે
કલ્પી ચરિત્ર સાવિત્રી, દમયંતિ જીવનનાં
પાઠ શીખે એવા નીરંતર સદ્ વર્તનનાં
જ્યારે ઉન્નતકર કેળવણી મંદીરો સ્થપાય.
લીલી વાડી આ રચાય..........ત્યારે

—શંકરલાલ બ્રહ્મભટ્ટ

(૧૫)

યુવાન—

શું જોઇને હસો છો, હસનાર તો રડે છે.
શું મસ્તીએ ચઢો છો, ચડનાર તો પડે છે.
એવી ચઢાવો મસ્તી, માઝા મૂકી શકે ના
બેહદ જતાં કિનારે, લાખો જીવન સડે છે.
શાને ખુમારી રાખો, ખોવાઈ જશે પળમાં
જે ખોઈ બેઠા તેને શોધી નહીં જડે છે.
જો નજર જગત આ, જોતાં મહાન સાગર
બિન્દુ સમુ જીવન કાં, ઉછળાટ પર ચડે છે.

—શંકરલાલ બ્રહ્મભટ્ટ

(૧૬)

જવાહીર અને બાળકો—

આ નગરીને છોડી દઈશું,
માયા બંધન તોડી દઈશું, આ નગરીને.
એક ઉમંગ ભરી લઈ દીલમાં,
ભવસાગરને પાર કરીશું. આ નગરીને..

આશા નિરાશા ક્રમ માયાનો
નાશ છે એક દીન આ કાયાનો
ધીરજથી સુકર્મ કરીને વિજયશ્રીને વરીશું. આ નગરીને.
—નટવરલાલ મેંદાવાલા

(૧૭)

મફત—

મીઠી યાદ તારી, રાતે સદા સતાવે;
વ્હેમાયે જગત આખું, શંકા જુવોને લાવે.
દીપક બનીને આવો, પ્રેમની જ્યોતિ જગાવો,
પ્રેમે બની પતંગ હું, હર્ષે બલી ચઢાવું...મીઠી
વીણા બનીને આવો, ગીતો મધુરાં ગાવો,
રહેશું સદા ઉમંગે, લેશું જીવનનો લા'વો....મીઠી
—બાબુ બરોડીયા.

(૧૮)

મફત અને મીઠી—

મફત–ધીરે ધીરે આવો ચાંદની મારી,
મીઠી–ચંદ્ર તમે હું ચકોરી તમારી
મફત–ચંદ્ર તલસતો....યાદમાં તારી,
મીઠી–નાચું નચાવું થન થન થનનનનન.
મફત–બંસી બજાવું બન બન બનનનન,
બંને–પ્રેમે ગાશું ગીત સુરીલાં....ધીરે....
મીઠી–બાદળ ઘેલી વરસું વેગે;
મફત–તારી કળાને કોઈ ન પુગે.
બંને–પ્રેમ તણા ભંડાર ભરીશું....ધીરે ધીરે...
—બાબુ બરોડીયા.

(૧૯)

ફુલી રહ્યા છો, ભૂલી રહ્યા છો, માયાના અંધારે,
એ માયાના જળ છે ઉંડા, પ્હોંચો નહિ કિનારે;
મૃગજળ સમ છે જુઠી માયા, ક્ષણભંગુર આ કાચી કાયા,
જુવો નિહાળી આત્મા દર્પણે, સ્વાર્થ કદી ના તારે–માયા;
મસ્ત બનીને આજ ફરો છો, નહીં કરવાના કર્મ કરો છો,
સળગી જશો એક આહથી, આગ કો' નહિ ઠારે માયા.
—નટવરલાલ મેંદાવાલા.

અંક ત્રીજો

(૨૦)

જવાહીર—

પ્રેમ પ્રસાદી પરમ પરિગ્રહ્ય,
                વો નહિ મસ્જીદ મન્દર.
ઢુંઢતે ફીરતે કયોં ઉસકો
                વો હૈ મનકે અન્દર. પ્રેમ.
ભેદભાવ ઉંચનીચ કે છોડો
                અન્યાયી બન્ધન સબ તોડો.
દીલ હૈ દુનિયા આંખ સમંદર,
                શ્રી પ્રભુ ઉસકે અંદર. પ્રેમ.
કામ ક્રોધ તો હૈ હરજાઈ
                વોહી બનાતા હૈ સબકો કસાઇ
રામ, રહીમ તો એક રૂપ હૈ
                વોહી ૐ અલ્લાહો અકબર. પ્રેમ.

—નટવરલાલ મેંદાવાળા—

(૨૧)

મફત અને મીઠી—

મફત—એક નાનીશી નગરી વસાવીશું,
મીઠી—નાની નગરીમાં, સુખદુઃખ મનાવીશું. એક.
મફત—પ્રેમસાગર જુવોને ઉછાળા ભરે,
મીઠી—ધરો હસ્તે સુકાનને નાવિક અરે !
બંને—જીવનનૈયાને પાર ઉતારીશું. એક.
મફત—હે ઈશ્વર તુ સુબુદ્ધિ અમને અરે,
        મુકત કરવા ભારતના બંધન અરે.
બંને—દેશસેવામાં જીવન વીતાવીશું. એક.

—બાબુ બરોડીયા—

(૨૨)

પ્રભુજીની આ માયા
દીવસરાત, નિશાનાથ
પ્રભુજીએ બનાવ્યા. પ્રભુજીની.
સહુ કહે છે કે મેં આ કર્યું, મનમાયાએ સહુનું હર્યું.
નથી તેં કર્યું નથી મેં કર્યું;
જલ, સ્થલ, પ્રભુએ બનાવ્યા. પ્રભુજીની.
કહ્યું તું માન રે, પ્રાણ પ્રભુ જાણ રે
ધીમે ધીમે, ડગે ડગે
પ્રભુજીએ ભરમાવ્યા. પ્રભુજીની.
હોલાઈ જાશે જીવન દીપ
પાપથી તું છીપ છીપ
કઠીન છે, જીવન રાહ, કાચી કાયા. પ્રભુજીની.

—નટવરલાલ મેંદાવાલા—

શાંન્તી !! સમાપ્ત. શાંન્તી !!
